# OIL & NATURAL GAS CORPORATION (WOU) KARMACHARI SANGHTANA

AFFILIATED TO - PETROLIUM & GAS WORKERS' FEDERATION OF INDIA

Reg. No. (By - II - 8268) Tel.: 022-26274102

Flat No.102, 1st Floor, Acme Hormony-I, Poonam Nagar, Off. JV Link Road, Andheri (E), Mumbai - 400 093.


REF. : ONGC/KS/HZR/2019 - 230 DATE : 26.09.2019

પ્રતિ,

એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર - પ્લાન્ટ મેનેજર,

ઓએનજીસી હજીરા પ્લાન્ટ,

સુરત.

O/C

**વિષય: ઓએનજીસી હજીરાના કર્મચારીઓને OPD ટ્રિટમેન્ટ માટે મળતી કેશલેસ મેડિકલ સુવિધા બંધ નહીં કરવા બાબત.**

વંદેમાતરમ સહ જણાવવાનું કે અમારી પાસે પ્રાપ્ય માહિતી અનુસાર ઓએનજીસી હજીરાના મેડિકલ વિભાગ દ્વારા તારીખ 01.10.2019 થી કર્મચારીઓને OPD દરમ્યાન મળતી કેશલેસ મેડિકલ ફેસિલિટી બંધ કરવાની તૈયારીઓ કરી છે અને આ સુવિધા બંધ થયા બાદ જે તે વ્યક્તિએ હોસ્પિટલમાં અથવા ડોકટરને પેમેન્ટ કરીને કંપનીમાંથી ક્લેઇમ કરીને રીએમ્બર્સમેન્ટ દ્વારા પોતે ખર્ચેલા નાણાં મેળવવાના રહેશે. જો આ વાત સાચી હોય અને મેનેજમેન્ટ દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો હોય તો વર્ષોથી ચાલતી આવેલી કેશલેસ મેડિકલ ફેસિલિટી બંધ કરવાના આ નિર્ણયનો ઓએનજીસી (ડબલ્યુ.ઓ.યુ.) કર્મચારી સંઘટના વિરોધ કરે છે અને કર્મચારીઓના હિત વિરોધી એવો આ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવા માટે માંગણી કરીએ છીએ. આ બાબતે આપ તાત્કાલિક યોગ્ય નિર્ણય લઈને કર્મચારીઓને મળતી કેશલેસ મેડિકલ ફેસિલિટી પૂર્વવત નહીં કરો તો ઓએનજીસી (ડબલ્યુ.ઓ.યુ.) કર્મચારી સંઘટના દ્વારા જ્યાં સુધી આ નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે ત્યાં સુધી ઉગ્ર પ્રદર્શનો કરવામાં આવશે જેની તમામ જવાબદારી મેનજમેન્ટની રહેશે.

આભાર.

(signature)

આપનો વિશ્વાસુ

(દિપક પટેલ)

સેક્રેટરી

ઓએનજીસી (ડબલ્યુ.ઓ.યુ.) કર્મચારી સંઘટના,

હજીરા

1933
26/9/19

**From:** R ASTHANA/ONGCL
**To:** DEEPAK KANTILAL PATEL/ONGCL@ONGCL, MOHAN TAYAL/ONGCL@ONGCL
**Cc:** SP SRIVASTAVA/ONGCL@ONGCL, SAMIRAN DEBROY/ONGCL@ONGCL, SANJAY KAWAN/ONGCL@ONGCL

---

**Date:** Friday, September 27, 2019 04:48PM
**Subject:** Re: Representation of Karamchari Sangathna against new System of OPD Medical Facility.

---

Dear Deepakbhai,

We are in receipt of your representation dated 26.09.2019, addressed to the Plant Manager, regarding discontinuation of Credit Facilities on OPD Treatment wef 01.10.2019.

The said change is to be implemented in accordance with the Corporate guidelines which in turn conform to the Rules of the Govt of India, especially those pertaining to Taxations.

You are aware that in Metro cities, viz Delhi, Mumbai, Kolkata and Chennai, such provision of extending credit notes to empanelled doctors and Specialists does not exist due to the same reasons. The matter was discussed with Chief Medical Services and he has clarified that this uniform policy shall be adopted for all work centers across ONGC. As and when proposals from other work centers shall be received for renewal of their empanelled Doctors and Specialists, similar criteria shall be adopted.

It is however conveyed that the system of reference for in-patient hospitalization shall continue on credit facility in empanelled hospital. We assure you that no employee of Hazira Plant shall be left without proper treatment either for self or for his dependents post the said change.

You are requested to sensitize your members with the ensuing change and also assure them that medical facilities as available to them shall continue with no compromise.

With Best Wishes,

-Rajan Asthana,
CGM(HR)

CC: DGM(HR)-IR: please discuss the matter in person with the collectives.

ACMO-I/c MS, as was conveyed please issue a detailed Circular.

-----MOHAN TAYAL/ONGCL wrote: -----

> To: R ASTHANA/ONGCL@ONGCL, SP SRIVASTAVA/ONGCL@ONGCL
> From: MOHAN TAYAL/ONGCL
> Date: 09/26/2019 06:18PM
> Cc: SAMIRAN DEBROY/ONGCL@ONGCL
> Subject: Representation of Karamchari Sangathna against new System of OPD Medical Facility.
>
> Sir,
>
> Please find attached herewith a letter from Karamchari Sangathna on the above subject.
>
> सादर / Regards,
>
> मोहन तायल / Mohan Tayal

OIL & NATURAL GAS CORPORATION
(WOU) KARMACHARI SANGHTANA
AFFILIATED TO - PETROLIUM & GAS WORKERS' FEDERATION OF INDIA
Reg. No. (By - II - 8268) Tel.: 022-26274102
Flat No.102, 1st Floor, Acme Hormony-I, Poonam Nagar, Off. JV Link Road, Andheri (E), Mumbai - 400 093.

REF. : ONGC/KS/HZR/2019 - 231 DATE : 11.10.2019

પ્રતિ,
એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર - પ્લાન્ટ મેનેજર,
ઓએનજીસી હજીરા પ્લાન્ટ,
સુરત.

O/C

*વિષય: ઓએનજીસી હજીરાના કર્મચારીઓને OPD ટ્રિટમેન્ટ માટે મળતી કેશલેસ મેડિકલ સુવિધા ફરીથી ચાલુ કરવા બાબત.*

વંદેમાતરમ સહ જણાવવાનું કે અમારા દ્વારા તારીખ 26.09.2019 ના રોજ આપશ્રી સાહેબને ઉદ્દેશીને લખવામાં આવેલાં પત્રના અનુસંધાનમાં ઇન્ચાર્જ એચ.આર / ઇ.આર દ્વારા તારીખ 27.09.2019 અમને મોકલવામાં આવેલાં ઇમેઈલમાં તેમના દ્વારા જણાવ્યા અનુસાર મુંબઇ, દિલ્હી, કલકત્તા અને ચેન્નાઇ માં OPD કન્સલ્ટેશન માટે આ પ્રકારની કેશલેસ સુવિધા નથી જે મેનેજમેન્ટ દ્વારા પોતાનું ધાર્યું કરાવવાની ભાષા છે જ્યારે હકીકત તો એ છે કે આજની તારીખે ઓએનજીસીમાં જ અનેક જગ્યાએ OPD કન્સલ્ટેશન માટે રેફરન્સ લેટર દ્વારા કેશલેસ સુવિધાઓ ચાલુ જ છે અને આવા સંજોગોમાં માં ઓએનજીસી હજીરા મેનેજમેન્ટ દ્વારા માત્ર હજીરાના કર્મચારીઓને અને અધિકારીઓને મળતી OPD કેશલેસ સુવિધા બંધ કરવાનો કર્મચારી વિરોધી નિર્ણયનો અગાઉ પણ અમારા દ્વારા લેખિત વિરોધ નોંધાવેલ છે અને મેનેજમેન્ટના આવા અન્યાયકારી નિર્ણયનું ક્યારેક સમર્થન કે સહમતિ આપેલ નથી. આ બાબતે વધારે ચર્ચા નહીં કરતાં ફરીથી એક વખત OPD કન્સલ્ટેશન માટે રેફરન્સ લેટર દ્વારા કેશલેસ સુવિધા તાત્કાલિક પાછી ચાલુ કરવા માટે જણાવીએ છીએ અને આપશ્રી આવું નહિ કરો તો ત્રણ દિવસ બાદ અમારા દ્વારા કર્મચારીઓને સાથે રાખીને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આપને ખાસ યાદ કરાવવાનું કે અગાઉ પણ ઓએનજીસી (ડબ્લ્યુ.ઓ.યુ.) કર્મચારી સંઘટના દ્વારા કર્મચારીઓ ને A ટાઈપ ક્વાર્ટરમાંથી B ટાઈપ ક્વાર્ટરમાં શીફ્ટ કરવા માટે ઇન્ચાર્જ એચ.આર / ઇ.આર ના રૂમમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને આ વખતે સમગ્ર પ્લાન્ટના કર્મચારીઓને, અધિકારીઓને અને તેમના પરિવારજનોને લાગુ પડતાં અત્યંત સંવેદનશીલ મુદ્દા પર અમે ઉગ્ર થી અતિ ઉગ્ર પ્રદર્શન કરીશું અને તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે જે આપની જાણ ખાતર.

તાત્કાલિક હકારાત્મક પ્રતિભાવની અપેક્ષા સહ.

આભાર.

આપનો વિશ્વાસુ

(દિપક પટેલ)
સેક્રેટરી
ઓએનજીસી (ડબ્લ્યુ.ઓ.યુ.) કર્મચારી સંઘટના, હજીરા